| PUBLICATION NAME : | Gujarat Pranam |
|---|---|
| EDITION : | Ahmedabad |
| DATE : | 18/05/24 |
| PAGE : | 2 |

# ગુજરાતની શિલ્પ વિરાસતનું સંરક્ષણ : જીઆઈ ટેગ સન્માન



આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈન્ડિયા (EDII) અમદાવાદને ગુજરાતની સમૃદ્ધ હેરિટેજ હસ્તકલાનાં સંરક્ષણ અને પ્રચારમાં એક મહત્વપૂર્ણ સિદ્ધિની જાહેરાત કરતાં ગર્વ અનુભવે છે. ગુજરાત સરકારના કુટીર અને ગ્રામીણ ઉદ્યોગના કમિશનરે આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈન્ડિયા (EDII) ના સહયોગથી ગુજરાતના ચાર પરંપરાગત હસ્તકલાના જિયોગ્રાફિક ઈન્ડિકેશન (GI)ટેગિંગની સુવિધા પ્રદાન કરી છે. તાજેતરનું GI ટેગીંગ ગુજરાતના કારીગર સમુદાય માટે એક મહત્વપૂર્ણ અવસર છે.ભારત સરકારના વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયના ડીપીઆઈઆઈટી અંતર્ગત ભૌગોલિક સંકેતો રજિસ્ટ્રી ઑફિસ દ્વારા માન્યતા પ્રાપ્ત હસ્તકલામાં ગુજરાત સૂફ એમ્બ્રોઈડરી,અમદાવાદ સોદાગરી બ્લોક પ્રિન્ટ,સુરત સાડેલી ક્રાફ્ટ અને ભરૂચ સુજાની વણાટનો સમાવેશ થાય છે, જે ગુજરાત સરકારના મુખ્ય જ્ઞાન ભાગીદારના રૂપમાં હસ્તકલાનાં છે.સેતુ યોજના અંતર્ગત (EDII) એ આ હસ્તકલામાં લાગેલા હસ્તકલા-પ્રિન્યોર્સને સમર્થન આપવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. સહકારી સંસ્થાઓની રચનામાં મદદ કરવાથી લઈને GI ટેગિંગના બાદના હસ્તક્ષેપોને સુવિધાનદર બનાવવા સુધી (EDII) ગુજરાતની સાંસ્કૃતિક વિરાસતને સંરક્ષિત કરવા અને પ્રોત્સાહન આપવા માટે પોતાની પ્રતિબદ્ધતામાં દઢ્ છે. EDII અમદાવાદ કેમ્પસમાં આયોજીત સમારોહમાં કારીગરોને સન્માન અને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા.આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે ગુજરાત સરકારના કુટીર અને ગ્રામીણ ઉદ્યોગ કમિશનર અને સચિવ શ્રી પ્રવિણ સોલંકી, અતિથિ વિશેષ તરીકે નાબાર્ડના ચીફ જનરલ મેનેજર/ઓઆઈસી શ્રી બી કે સિંઘલ તેમજ વિશિષ્ટ અતિથિ તરીકે સેન્ટર ફોર એન્વાયર્નમેન્ટલ એજ્યુકેશન (CEE)ના ફાઉન્ડર ડિરેક્ટર શ્રી કાર્તિકેય વી.સારાભાઈ, EDIIના ડાયરેક્ટર જનરલ શ્રી ડૉ.સુનિલ શુક્લા અને હસ્તકલા સેતુના પ્રોજેક્ટ ડિરેક્ટર શ્રી ડૉ.સત્ય રંજન આચાર્ય પણ ઉપસ્થિત રહ્યા હતા.